**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**
**સમક્ષ**
**કેસ નં. એમ.જી. IV-૧૨૧-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી વલી મો યુસુફ અબ્દુલ્લા,
ઠે. વલી ફળીયા નં. ૩,
રેલ્વે સ્ટેશન રોડ, ગોધરા.

રજુઆત કરનાર: શ્રી વલી મો યુસુફ અબ્દુલ્લા જાતે

સામાવાળા: નાયબ ઇજનેર
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
ગોધરા સીટી કચેરી, ગોધરા.

રજુઆત કરનાર: શ્રી એન. એમ. પરમાર, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, ગોધરા શહેર કચેરી, ગોધરા.

ફરીયાદીની તા. ૧૬.૦૨.૨૦૧૫ની ગ્રાહક નં. ૦૧૦૦૫/૦૩૪૩૧/૧ રહેણાંક વીજ જોડાણ ડીસ કનેક્ટ કર્યા અંગેની ફરિયાદ.

ફરીયાદીની ફરિયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ તા. ૨૦.૦૩.૧૫ ના રોજ સાંભળવામાં આવી. જેમાં ફરીયાદી તરફે શ્રી વલી મો યુસુફ અબ્દુલ્લા જાતે તથા સામાવાળા એમજીવીસીએલ તરફે શ્રી એન. એમ. પરમાર, નાયબ ઇજનેર, તથા એસ. એમ. બારીયા સીનીયર આસીસ્ટન્ટ બીલીંગ, ગોધરા શહેર કચેરી, ગોધરાના હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરીયાદીની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. ફરિયાદીનું રગડીયા પ્લોટ, ગોધરા મુકામે પોતાનું મકાન છે. જેનો વીજ જોડાણ ગ્રાહક ન. ૦૧૦૦૫/૦૩૪૩૧/૧ છે. ફરીયાદીએ આ મકાન તા. ૧૯.૦૧.૨૦૦૭ ના રોજ અબ્દુલ સત્તાર પાતળીયા પાસેથી ખરીદ કરેલ. જે તે સમયે મકાન માલીકનુ કોઇ પણ જાતનું બીલ બાકી ન હતુ. તેની ખાતરી કરીને એમ.જી.વી.સી.એલ. ગોધરા ડીવીઝને વીજ જોડાણ ફરીયાદીના નામે ટ્રાન્સફર કરેલ. માર્ચ-૨૦૧૧ થી દર મહિને બીલ દંડની રકમ સાથે ઉમેરો થઇને આવ્યા કરે છે; જે બાબતે ફરીયાદીએ એમજીવીસીએલ, ગોધરા ડીવીઝનને લેખીત તેમજ મૌખિક રજુઆતો કરવા છતાં પણ ફરીયાદીનું વીજ જોડાણ કાપી નાંખેલ છે, જેથી ફરીયાદીને તેઓનું પોતાનું મકાન હોવા છતાં પણ બીજા ભાડાના મકાનમાં રહેવા જવાની ફરજ પડેલ છે. જેથી તેઓએ વીજ જોડાણ તાત્કાલિક ચાલુ કરાવવા અરજ ગુજારેલ છે.
૨. ફરીયાદી શ્રી વલી મો યુસુફ અબ્દુલ્લા જાતે ફોરમ સમક્ષ હાજર રહી જણાવ્યું કે; સને-૨૦૦૮ માં અબ્દુલ સત્તાર અબ્દુલ રહીમ પાતળીયા ના નામ પરથી તેઓના નામ ઉપર કનેક્શન ટ્રાન્સફર કરવામાં આવ્યું. નામ તબદીલ કરવાના સમયે એમજીવીસીએલની જેટલી બાકી લ્હેણી રકમ નીકળીતી હતી તે ચુકવી દેવામાં આવેલ. ફરીયાદીએ મકાન ખરીદ કર્યા અંગેની તા. ૧૯.૦૧.૨૦૦૭ ના રોજની ઇન્ડેક્ષ કોપી રજુ કરેલ છે. જુન-

જુલાઇ-૨૦૧૦ ના બીલમાં રૂા. ૮,૨૦૦/- વધારાની રકમ ઉમેરાઇને આવેલ. જે અંગે ફરીયાદીએ વાંધો લીધેલ અને ચાલુ વપરાશના બીલના નાણાં ભરપાઇ કરેલ અને બાકીની રકમ ભરેલ નહીં. ત્યારબાદ છેલ્લા એક વર્ષથી ફરીયાદીએ બીલની રકમ ભરેલ નહીં કારણકે એમજીવીસીએલના એ પાર્ટ પેમેન્ટ સ્વીકારવાની ના પાડેલ. તા. ૦૬.૦૮.૨૦૧૪ ના રોજ ફરીયાદીનું કનેક્શન ડીસકનેક્ટ કરવામાં આવેલ અને મીટર પણ કાઢી નાંખવામાં આવેલ. આજ દિન સુધી ફરીયાદીને બીલ આપવામાં આવે છે. જે ગેરકાયદેસર છે. જેથી ફરીયાદીએ તેઓનું કનેક્શન રીકનેક્ટ કરવા અને ન્યાય આપવા માંગણી કરેલ છે.

૩. સામાવાળા તરફે શ્રી એન. એમ. પરમાર, નાયબ ઇજનેર તથા શ્રી એસ. એમ. બારીયા, સીનીયર આસીસ્ટન્ટ બીલીંગ ગોધરા સીટી કચેરી, ગોધરાના હાજર રહ્યા અને જણાવ્યું કે, રેસીડેન્સીયલ વીજ કનેક્શન અબ્દુલ સત્તાર પાતળીયાના નામે ૧૯૯૮ માં આપવામાં આવેલ. ૨૦૦૭ માં મકાન વલી મો. યુસુફ અબ્દુલ્લાને વેચાણ કરવામાં આવેલ. તેઓના નામે વીજકનેકશન તબદીલ કરવા અરજ કરેલ. અરજદારના ખાતામાં સપ્ટેમ્બર-૨૦૦૫ માં રૂા. ૧૬,૨૦૦/- ની ક્રેડીટ ભૂલથી આપવામાં આવેલ. ત્યારબાદ નવે.-ડિસે.-૨૦૦૫ માં રૂા. ૮૦૦૦/- ની ડેબીટ આપવામા આવેલ. સને-૨૦૧૦ માં ઓડીટ થતા જાણમાં આવેલ કે; રૂા. ૮,૨૦૦/- ફરીયાદીના ખાતામાં ડેબીટ બતાવે છે જેથી જુન-જુલાઇ-૨૦૧૦ ના બીલમાં આ રકમ બાકી બતાવવામાં આવેલ. જે ફરીયાદી ભરતા ન હતાં. જેથી તા. ૨૨.૦૮.૧૪ ના રોજ ફરીયાદીનું મીટર કાઢી લેવામાં આવેલ છે. જો ફરીયાદી પાછલી બાકી રકમ ભરે તો કનેક્શન ફરી જોડી આપવામાં આવશે.

૪. ફોરમના સભ્યો સુનાવણી દરમ્યાન હાજર રહ્યા બન્ને પક્ષકારોને સાંભળ્યા તથા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજોનું અવલોકન કર્યું. સામાવાળા દ્વારા સપ્ટેમ્બર-૨૦૦૫ માં અરજદારને ભૂલથી ૧૬,૨૦૦/- ની ક્રેડીટ આપવામાં આવેલ. ત્યારબાદ તેમાંથી રૂા. ૮,૦૦૦/- નવે-ડીસે.-૨૦૦૫ માં ડેબીટ આપવામાં આવેલ. આમ; ફરીયાદીના રૂા. ૮,૨૦૦/- ક્રેડીટ બાકી રહેતા હતા. ફરીયાદીએ ૨૦૦૮ માં અબ્દુલ સત્તાર અબ્દુલ રહીમ પાતળીયા પાસેથી મકાન ખરીદ કર્યું ત્યારે આ બાબત સામાવાળાની ધ્યાનમાં આવેલ નહીં અને તેથી કોઇ રકમ બાકી નથી તેમ ધારી ફરીયાદીના નામે નામફેર કરવામાં આવેલ. પરંતુ ૨૦૧૦ માં ઓડીટ દરમ્યાન એ વાત ધ્યાનમાં આવેલ કે આ ગ્રાહક પાસેથી રૂા. ૮,૨૦૦/- સામાવાળાએ લેવાના નીકળે છે. જેથી જુન-જુલાઇ-૨૦૧૦ ના બીલમા આ રકમ બાકી બતાવી બીલ આપવામાં આવેલ. અરજદારે શરૂઆતમાં વાંધા સાથે ચાલુ રકમના બીલ ભરેલ અને પાછલા બાકી એટલે કે, રૂા. ૮,૨૦૦/- ભરેલ નહીં. ત્યારબાદ સામાવાળાએ અધુરી રકમનું બીલ લેવાની ના પાડતા અરજદારે બીલ ભરવાનું બંધ કરેલ. જેથી સામાવાળાએ અરજદારનું વીજ કનેક્શન નિયમ મુજબ કાપી મીટર ઉઠાવી લીધેલ છે. સામાવાળાએ ભૂતકાળમાં ભૂલથી ક્રેડીટ આપેલ રકમ ખરેખર અરજદારે અથવા મૂળ મકાન માલીકે ભરવી જોઇએ કારણકે; જે તે વખતે ક્રેડીટનો લાભ ગ્રાહકે લીધેલ છે.

૫. સુનવણી દરમ્યાન ફરીયાદીને સમજ આપવામા આવેલ કે,ભુલથી ક્રેડીટ આપવામાં આવેલ રકમ મુળ માલીકે ભરવી જોઇએ,કારણકે જે તે સમયે તેઓએ આ ક્રેડીટનો લાભ લીધેલ છે. ત્યારે ફરીયાદીએ જણાવેલ કે મુળ માલિકની આર્થિક પરિસ્થિતી સારી નથી કે તેઓ આ બાકીની રકમ ભરી શકે. તેથી હુ તેઓના માથે આ બોજ નાંખવા માગતો નથી અને જો નાણાં ભરવા જ પડે તો હું નાણા ભરી દઇશ અને જો માફ થતા હોય તો નાણાં માફ કરવા વિનંતી કરેલ.જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

સામાવાળા એમ.જી.વી.સી.એલ.નાને હુકમ કરવામાં આવે છે કે ગ્રાહક નં. ૦૧૦૦૫/૦૩૪૩૧/૧ ના બાકી બીલના નાણા હાલના ગ્રાહક વાલી મો. યુસુફ અબ્દુલ્લા પાસેથી બાકી પડતી રકમ વસુલ મેળવી ફરીયાદી શ્રી વાલી મો. યુસુફ અબ્દુલ્લાનું કનેક્શન જોડી મીટર બેસાડી આપવું.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.